


# દિવ્યદીપ

વર્ષ ૩ અંક ૧૧


## પુરુષાર્થ

આત્માના અમૃતને પામવા વૈભવ અને વિલાસનો ત્યાગ કરી, ભગવાન મહાવીરે મહાભિનિષ્ક્રમણ કર્યું અને વનની નીરવતામાં આત્મસાધનામાં મગ્ન થયા. ત્યાં ઇંદ્રે આવી નમન કરી એક નમ્ર વિનંતી કરી,

"પ્રભો, આપનો માર્ગ કઠિન છે, સાડાબાર વર્ષમાં, આપના આ સાધનાના કામમાં આપને પરેશાન કરવા અનેક ઉપસર્ગો આવનાર છે, તો કષ્ટના એ કાળમાં આપની સેવા કરવા અને એ ઉપસર્ગોને દૂર કરવા મને સંમતિ આપો."

જાણે મૌને જ વાચા લીધી હોય એવા પ્રશાંત, મધુર સ્વરે પ્રભુએ કહ્યું, "દેવરાજ, તમારી ભાવનાનું હું સન્માન કરું છું પણ તમે જ કહો, તીર્થંકરો કદી કોઇની સહાયતાથી થયા છે? મદદથી મળે તે મોક્ષ ન હોય, બીજું બધું આપ્યું અપાય પણ મુક્તિ તો એકાકી સાધનાના સાધકને જ મળે."

આત્મ શક્તિનો આ દિવ્ય ધ્વનિ સાંભળી ઇંદ્રદેવ અહોભાવથી નમી રહ્યા.

–પૂ. ચિત્રભાનુ

# માનવતા વિહોણી સત્તા

માનવતા વિહોણી સત્તા કેવી કંગાળિતભરી હોય છે તેનો આ તાજો દાખલો છે. કૈલાનમાં ચાલતા 'માનવ રાહત કેન્દ્ર' માટે અનાજ લાવવા એક જીપની જરૂરિયાત ઊભી થઇ. ત્યાં પટનામાં વસતા શ્રી મગનભાઇ પટેલે જીપ આપવા હા પાડી. પણ ચૂંટણી ચાલતી હતી એટલે જ્યાં કયાંય જીપ જુએ ત્યાં અધિકારીઓ પોલીંગ ઓફીસરોના કામ માટે સરકારના હુકમ મુજબ એને જપ્ત કરી ચૂંટણીના કામમાં લઇ લેતા. આ સંકટમાંથી બચવા આપણા કાર્યકર શ્રી ડાહ્યાભાઈ મોદી ત્યાંના મુખ્ય પ્રધાનને મળ્યા ને કહ્યું: "અમે એટલે દૂરથી બિહારની પ્રજાની સેવા કરવા આવ્યા છીએ, તો આપ અમને એટલું કરી આપો કે અમારી જીપ જપ્ત ન કરે આના ઉત્તરમાં આ માનવતા વિહોણો માનવ શું કહે છે ? "ઐસી છોટી બાતો કે લિયે હમકો સમય નહિ હૈ" કાર્યકરે નમ્રતાથી કહ્યું: "બિહારકી પ્રજા ભૂખસે મર રહી હૈ." ત્યારે ઉત્તરમાં આ વડાએ કહ્યું: બિહારકી પ્રજા મરે યા જીયે. હમે કોઈ તાલુક નહી હૈ. આ સાંભળ્યા પછી કાર્યકરને લાગ્યું કે હવે વધારે વાત કરવામાં માનવતાનું જ અપમાન છે.

કુદરતે પણ ઇલેકશન પછી તેમને હવે પૂરી ફૂરસદ આપી છે !

—પૂ. ચિત્રભાનુ

# બિહારની કરુણતા

કારમા દુષ્કાળની પરિસ્થિતિ આજે બિહારને ઘેરી વળી છે. માનવ પશુની જેમ ઝાડનાં મૂળિયાં ખાઇને પણ જીવવા પ્રયત્ન કરી રહ્યો છે. દૂરથી આવતી આ કરુણ પરિસ્થિતિનું દર્શન પહેલેથી જ જાણે કર્યું હોય તેમ આજથી પાંચ મહિના પહેલાં ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રી ચિત્રભાનુ મહારાજે પ્રજાને જણાવ્યું અને 'કંઇક' કરવા લોકોને જગાડયા. એમની ચેતનામય વાણીથી ઘણાનાં હૃદય જાગ્યાં અને તે જ વખતે સી-તેર હજાર રૂપિયા થયા, એ પછી શ્રી જયપ્રકાશ નારાયણ પણ પૂજ્યશ્રીને મળ્યા અને આ સેવા કાર્ય આગળ વધ્યું. Divine Knowledge Societyના આશ્રયે એક "માનવ રાહત કેન્દ્ર" ખોલવામાં આવ્યું અને એની વ્યવસ્થાનું કાર્ય સદ્‌વિચાર પરિવારના કાર્યકરોને બોલાવી સોંપવામાં આવ્યું. છ કાર્યકરોની ટૂકડી બિહારના દૂર દૂરના ઊંડા પ્રદેશમાં જઇ કાર્યનો પ્રારંભ કર્યો. છે. પટણાથી બસો માઇલ દૂર આવેલ પલામુ જીલ્લાના ભવનાના પુર બ્લોકમાં બનખેતા અને કૈલાનમાં આ કેન્દ્રો ચાલે છે. ૧૨૫૦ માણસો નિયમિત રીતે મફત રેશન આપણા આ કેન્દ્રથી મેળવે છે. હજુ વધારે કેન્દ્રો ખોલવાની અભિલાષા છે.

વસ્ત્રો આપવાની શરૂઆત પણ કરી છે. અને હવે તો આપણા કેન્દ્રથી દવાઓ મફત અપાય તે માટે પણ યોજના થઇ છે. માનવતાનો આ સાદ છે, સૌએ પોતાના હૃદયથી એનો ઉત્તર આપવાનો છે. વાતોથી નહિ, વર્તનથી.

—તંત્ર

## આત્મશ્રીની પૂર્ણતા

**તા. ૧-૧૨-૬૬ ના સોહામણા પ્રભાતે સાગરદર્શનમાં પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુ મહારાજે આત્માના પૂર્ણ વૈભવ પર પ્રવચનમાં પ્રકાશ પાથર્યો તેની આ નોંધ છે. પૂ. ગુરુદેવની સહજ પ્રસન્નતા અને સ્વસ્થતામાંથી વહેતો આ જ્ઞાન પ્રવાહ ચિત્તના અસ્તિત્વને આવરી લે છે.**

*ऐन्द्र श्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।*
*सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ।*

ઉપાધ્યાયજી મહારાજ જ્ઞાનસારના મંગળાચરણમાં આત્માની સહજ અવસ્થાના સ્વરૂપનું આલેખન કરે છે, આત્માની સહજ આધ્યાત્મિક લક્ષ્મીનું એમાં વર્ણન કરે છે. આ આત્માની આધ્યાત્મિક લક્ષ્મીની સભરતાનો, આત્મશ્રીનો જો પોતાને અનુભવ થાય તો એ ન વર્ણવી શકાય એવા સહજ સુખનો અનુભવ કરી શકે. પછી તો આ જગતમાં રહેવા છતાં અને આ દેહમાં વસવા છતાં એ કોઇક અનોખું અને આનંદમય જીવન જીવી શકે. પણ આ આત્મા વિભાવના પ્રમાદમાં પડીને સ્વરૂપને અને આત્મશ્રીને ભૂલી ગયો છે.

શ્રેષ્ઠ ધનવાનનો પુત્ર પણ જ્યાં સુધી પોતાની અવસ્થા સમજતો નથી ત્યાં સુધી એ રસ્તામાં કોઇ વટેમાર્ગુ પાસે પણ ચોકલેટ લેવા માટે એ આના માંગવા ઊભો રહી જાય છે. કારણ કે એને ખબર નથી કે એ કેટલા ધનનો વારસદાર છે! એનો કોટયાધિપતિ પિતા આવા રસ્તાના હજારો માણસોને નભાવી શકે તેમ છે તેનો એને ખ્યાલ નથી. પણ બાળક અજ્ઞાન છે. એનું અજ્ઞાન ભીખ મંગાવે છે. એને જ્યારે જ્ઞાન આવે છે, મોટો થાય છે, સમજ આવે છે ત્યારે વિચારે છે, "શું એ હું હતો કે બસ સ્ટેન્ડ આગળ ઊભો રહીને ચોકલેટ માટે બે આના માંગતો હતો? હું ધનપતિનો પુત્ર ભિખારી?" એ અજ્ઞાનમાં પડેલો હોય છે ત્યારે એ આના માટે ભિક્ષા માંગે છે; પણ જ્યારે એને ખબર પડે છે કે હું તો આવી મોટી સંપત્તિનો સ્વામી છું, શ્રીનો માલિક છું ત્યારે એ માંગતો તો નથી પરંતુ જે માંગ્યુ હોય એના ઉપર એને હસવું આવે છે.

એમ જ્યાં સુધી આ આત્મા આત્મશ્રીને ઓળખતો નથી ત્યાં સુધી વિષયો માટે યાચના કરે છે, ત્યાં સુધી કામના માટે ભીખ માંગે છે, ત્યાં સુધી એ એક સામાન્ય સત્તા માટે, પાંચ વર્ષના election માટે પામર થઇને અહીંથી તહીં ફર્યા કરે છે. કારણકે એને આત્મશ્રીમાં શું સુખ છે અને જીવન જીવીને અંદરથી શું મેળવવાનું છે એનો ઉપયોગ ચાલ્યો ગયો છે. એટલે જીવન–આખું જીવન આ માંગવામાં અને તે માંગવામાં વેચી નાંખે છે.

આત્મસુખના જ્ઞાનથી તો વાર્ધક્ય પણ મધુર બને. માણસ પચાસ જીવે, સાઠ જીવે કે સિત્તેર જીવે પણ અનુભવનું અમૃત લઇને જીવે, જેમ જેમ એ જીવન જીવતો જાય તેમ તેમ એની પાસે અનુભવની મીઠાશ આવતી જાય છે. એણે દુનિયા જોઇ છે, માણસો જોયા છે, અનુભવોમાંથી

**વહાલા વાચક,**

ભગવાન મહાવીરનો જન્મોત્સવ ચૈત્ર સુદ તેરશના શનિવારે તા. ૨૨-૪-૬૭ના પવિત્ર મંગળ દિને સાંજે ૬-૦૦ વાગે ચોપાટીના સાગરતટે ઊજવવા દેશભરમાંથી આગેવાનો, નેતાઓ અને અગ્રગણ્ય નાગરિકો હાજર થવાના છે. ને ધન્ય પ્રસંગે તું ક્યાંક માયાની જાળનો કરોળિયો બની એ લાભથી વંચિત ન થઇ જાય તે માટે આજથી જ એ મહા દિવસની નોંધ સ્મૃતિમાં કરી રાખજે.

ઘણું ઘણું મેળવવાનું મેળવ્યું છે. જેવી રીતે પાકી કેરી મીઠી મીઠી હોય એમ ઘરડો પુરુષ અને ઘરડી સ્ત્રી મીઠાશથી ભરેલાં હોય. એમની વાણીમાં મીઠાશ હોય, એમના વર્તનમાં મીઠાશ હોય, એમના મોઢાં ઉપર આવેલી રેખાઓમાં મીઠાશ હોય અને તમને એમ થાય કે આમની પાસે જઇએ તો કેવું સારું! આવું કેમ થતું નથી?

એનું કારણ એ જ છે કે જિંદગી શા માટે છે અને જિંદગીનો હેતુ શો છે એ પહેલેથી જાણ્યું નથી. એટલે જેવી રીતે છોકરાં પેલાં ડબલાં ડબલીઓ ભેગાં કરતાં હોય છે એમ માણસો માત્ર થોડાંક પૈસા, થોડીક સત્તા, થોડીક પદવી આ બધું ભેગું કરવામાં આખું ને આખું જીવન જ પૂરું કરી નાંખે છે.

દુનિયાનું આ પલટાતું દૃશ્ય તો જૂઓ? જ્યાં સુધી તમારી પાસે પૈસો હોય, જ્યાં સુધી તમારી પાસે સત્તા હોય, જ્યાં સુધી તમારી પાસે પ્રતિષ્ઠા હોય, જ્યાં સુધી તમારી પાસે કાંઇક હોય ત્યાં સુધી દુનિયા તમને પૂછ્યા કરે, જેવી એ સત્તા ગઇ, જેવો એ પૈસો ગયો, જેવી એ પ્રતિષ્ઠા ગઇ એટલે દુનિયા કહે કે હવે એને બાજુમાં ફેંકો, કારણ કે દુનિયા એને જે માનતી હતી તે એના વ્યકિતત્વના વિકાસને લીધે નહિ, એની આધ્યાત્મિક ચેતનાના આરોહણને લીધે નહિ, પણ એને જે માનતી હતી એની પાછળ એની પાસેના દસ લાખ રૂપિયા હતા. હવે એ દસ લાખ રૂપિયા એના હાથમાં નથી, એના દિકરાના હાથમાં છે. દુનિયા કહે કે હવે ડોસો આપણે શું કામનો છે? મૂકો એને બાજુમાં. માણસના હાથમાં સત્તા હતી ત્યાં સુધી પૂજાતો હતો, પૂછાતો હતો પણ સત્તા ઉપરથી ઊતરી ગયો એટલે એ પણ ભુલાઇ ગયો.

તો એ જે પૂજાતો હતો અને પૂછાતો હતો એ આધ્યાત્મિક પ્રકાશને લીધે નહિ અને એણે જીવનમાં કોઇ જાતનો વિકાસ સાધ્યો છે એને માટે પણ નહિ. એ જે પૂછાતો હતો તે કયા કારણે? એની પાસે સત્તા હતી, જે સત્તાથી sign કરે તો કોઇકને સુખી કરી શકે, કોઇકને Quota અપાવી શકે, એ સત્તાને લીધે પૂજાતો હતો અને પૂછાતો હતો.

કોઇ કોઇવાર બૂટ પાલિશ કરનાર પાસે કરોડપતિ ઊભેલા હોય, Bank નો general manager ઊભો હોય ત્યારે પેલો મોચી પણ એમ નથી માનતો કે બેંકનો જનરલ મેનેજર મારે ત્યાં ઊભો રહ્યો. એનો ગર્વ કોઇ કરે તો એ ગર્વ ખોટો છે. બેંકનો જનરલ મેનેજર મોચી ઘણો સારો માણસ છે અથવા મોચીને જોઇને ઊભેલો છે એમ નથી, પણ બૂટ પાલિશ કરાવવાં છે એટલે એ ઊભો છે. તો જ્યાં સુધી બૂટ પાલિશ ચાલતું હોય ત્યાં સુધી મોચી કહે તેમ ડાબો અને જમણો પગ મૂકે. એ વખતે પેલો મોચી કહે કે જૂઓ હું કેવો કે આ manager ને left અને right કરાવું છું આમ કહેનારમાં કેટલી બધી અણસમજ છે! 'તું ડાબો અને જમણો પગ મૂકાવે છે એમાં કાંઇ તારી હુંશિયારી નથી, એમાં ગર્વ કરવાનો નથી કારણકે તું એનાં boot polish કરે છે અને એ ! બૂટ ચકચકિત કરવાનાં છે એટલા માટે એ ઊભો રહે છે, એવી જ રીતે મોટામાં મોટો કરોડાધિપતિ પણ ગાદીમાંથી ઊતરીને આવે છે. શા માટે આવે છે? પાલિશ કરાવવા આવે છે.

એમ કોઇ સત્તાધીશની પાસે ઘણા માણસો આવતા હોય તો એમ માનવાનું નથી કે મારી પાસે ઘણા આવી ગયા. કારણકે તારી પાસે એ વખતે sign કરવા માટે સત્તા હતી એટલે આવતા હતા.

કોઇ ધનવાનની પાછળ ઘણા લોકો દોડતા હોય તો એમ નહિ માનવાનું કે મારી પાછળ દોડે છે. એની પાસે ધન છે એટલે એમાંથી થોડુંક કાંઇક મળશે એ આશાએ દોડે છે.

આ બધું શું સૂચવે છે? બહારની વસ્તુ જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી એ લોકો

આપણી પાસે આવે છે. જ્યાં એ વસ્તુમાંથી આપણે ખસીએ કાં વસ્તુ ખસે એટલે દુનિયા આખી ખસી જાય છે. ત્યારે આપણી પાસે સરવૈયામાં શું રહે છે?

આ આત્મા દેહ છોડીને જાય છે ત્યારે એની સાથે શું લઇ જાય છે એ તો વિચાર કરો! આખી જિંદગી સુધી આપણે આટલા આપ્યા, આટલા મળ્યા, એમાં ને એમાં જીવન પૂરું થઇ ગયું. જો આધ્યાત્મિક ઓળખ ના થઇ, સ્વશ્રીની જો પહેચાન ન થઈ, હું કોણ છું એ માટેનું આ જ્ઞાન ન મળ્યું તો આ બધું તમે જે સંગ્રહ કરેલું છે એ બધું જ બીજાને માટે છે. તમે accumulate કરો છો, ભેગું કરો, બીજાને આપીને ચાલ્યા જાઓ છો.

પોતાને માટે શું છે એ વિચાર કરવાનો છે. અને એ વિચાર કરવાને માટે આપણે અહીં મળ્યા છીએ.

તું કોણ છો? તારું સ્વરૂપ શું છે? થોડું તો પિછાન.

આત્માની શ્રીથી મગ્ન બનેલો અને સત્, ચિત્ અને આનંદથી પૂર્ણ એવો આત્મા તો આ જગતને પણ પૂર્ણ જ જુએ છે. અને માને છે કે કર્મને વશ આખું જગત લીલામાં લાગેલું છે.

તો જગતના માણસો એને કેવા દેખાય? જેમ બાળકો સાગરના કિનારે જાય, નાનકડાં રેતીનાં ઘર બનાવે અને વહેંચી લે કે આ ઘર મારું, આ ઘર તારું. એમાં બાળકો આખી બપોર કાઢી નાંખે, ખાવાનું પણ ભૂલી જાય. રેતીના ઘરના માળ ગણ્યા કરે. એક કહે કે બીજો માળ મે ખેંચ્યો. બીજો કહેઃ ત્રીજો માળ મેં બાંધ્યો. એમ કરતાં હોય ત્યાં એમની મા શોધતી શોધતી આવે. 'અરે! તમે જમ્યા પણ નથી?' બાળકો કહે 'નહિ. અમે અમારું ઘર બાંધીએ છીએ, મકાન બાંધીએ છીએ.' 'હવે બાંધ્યા મકાન, ચાલો.' ખેંચીને લઇ જાય છે. તો રેતીનું ઘર મૂકતાં પણ પેલાં બાળકોને દુઃખ થાય છે. એમને થાય કે મા ક્યાં વચમાં આવી! પણ મા જમાડવા આવી છે. પણ એમને ગમતું નથી. એમને તો પેલા રેતીના ઘરોમાં, પહેલો માળ બાંધવામાં, બીજો માળ બાંધવામાં, આ ઘર મારું અને આ ઘર તારું એમ કરવામાં જે એક લહેજત પડે છે, એ જમવામાં એમને નથી પડતી.

એવી જ રીતે જ્ઞાનદશામાં જગતના લોકો પણ એવા જ દેખાય. રે, આ ઘર મારું અને આ ઘર તારું. આ બાંધવામાં જ લોકો લઢી રહ્યા છે. બાળકોમાં અને તમારામાં જો ફેર હોય તો આટલો જ કે બાળકો છોડી શકે છે. કોઇક કોઇક વાર હસતાં હસતાં છોડી શકે છે. અને આગળ વધીને જરૂર પડે તો એકાદી લાત મારીને પોતે બાંધેલા રેતીનાં ઘરને પોતે ઉડાડી પણ મારે છે. તમે પણ બાંધેલા ઘર છોડો છો તો ખરા પણ રડતાં રડતાં છોડો છો. તમે બાંધેલા ઘરમાંથી જ્યારે તમારે નીકળવાનો વારો આવે ત્યારે કેવી દશા થાય છે?

આપણે પ્રવાસી જ છીએ. અહીંથી આગળ વધવાનું જ છે, પંથ જો કાપવાનો છે તો શા માટે આસક્તિની અંદર લપટાઇ જવું જોઇએ?

પ્રભુ મહાવીરે કહ્યું કે જીવો ચાર પ્રકારના હોય છે.

પહેલો પ્રકાર એ સાકરની ઉપર બેઠેલી માખી જેવો હોય છે. બીજો પ્રકાર પથ્થર પર બેઠેલી માખી જેવો હોય છે. ત્રીજો પ્રકાર મધનું બિન્દુ પડયું હોય અને એના પર બેઠેલી માખી જેવો હોય છે. અને ચોથો પ્રકાર લીંટમાં પડેલી માખી જેવો હોય છે.

પહેલો પ્રકાર એ ઊંચો પ્રકાર છે. સાકરની લાદી પડેલી હોય તેના પર માખી આવીને બેસે તો એ ખૂબ મીઠાશ માણે. જ્યાં સુધી એ લાદી ઉપર બેઠેલી છે ત્યાં સુધી ચૂસ્યા જ કરે. પણ એનામાં ઊડવાની સ્વતંત્રતા છે. જ્યારે એને થાય કે હવે પાંખો ફફડાવું તો ઊડી જાય છે. સાકરની

માખીને કોઇ બંધન નથી. સ્વાદ છે, સ્વતંત્રતા પણ છે. મધુરતા અને મસ્તી બંને છે. એણે સ્વતંત્રતાને વેચીને મધુરતા માણી નથી.

આ જીવનમાં તમે રહો. તમને મકાન મળે, વૈભવ મળે, સમૃદ્ધિ મળે, પુણ્યનું પરિણામ ઘણું ઘણું મળે અને એ પુણ્યના પરિણામે મળેલી આ બધી વસ્તુઓમાં પણ તમે સાકરની માખી જેવા અદ્ધર રહો. તમે તમારા આત્માની સ્વતંત્રતાને આસક્તિની મીઠાશમાં નાંખી ન દો, બંધાઇ ન જાઓ. સાકરની માખી આ સ્વાદ માણે છે પણ પોતાની પાંખોને સદા સચેત રાખે છે. ધારે ત્યારે એ ઊડી જાય છે.

બીજી માખી પથ્થર ઉપર બેઠેલી છે. એને મીઠાશ કાંઇ ન હોય, આ સ્વાદ કાંઇ ન હોય પણ એને માટે સહુથી મોટી વાત સ્વતંત્રતા છે. એ જ્યારે ધારે ત્યારે ઊડીને જઇ શકે, ધારે ત્યારે નીકળી શકે. એને બાંધનાર કોઇ નથી. પથ્થર ઉપર આસ્વાદ નથી પણ સ્વતંત્રતા છે.

ત્રીજા પ્રકારમાં મધના બિંદુઓ પર બેઠેલી માખી આવે છે. એ માખીને મધ મળે છે. મીઠાશ મળે છે. જ્યાં સુધી ખાય ત્યાં સુધી મસ્તાની બનીને ખાય છે. પણ જેવી ઊડવા જાય ત્યાં બંધન. એ ઊડી શકે નહિ. મધની ચીકાશે એની પાંખોને પરવશ બનાવી દીધી છે, એ પંગુ બની ગયેલી છે. હવે ઊડવા જાય છે ત્યારે ખ્યાલ આવે છે કે ઊડી શકાતું નથી. જ્યાં જીવન છે ત્યાં મરણ છે. એ ઊડી ન શકે, તરફડે અને જે મધમાં મીઠાશ માણતી હતી એ મધમાં જ એ મરી જાય છે.

ચોથી માખી લીંટમાં પડેલી હોય છે. એને આસ્વાદમાં પણ કાંઇ નહિ અને ઊડવા ધારે તો ઊડી પણ ન શકે. કારણકે એની પંખો જ ચોંટી ગયેલી છે.

પ્રભુએ બતાવ્યું કે જીવો ચાર પ્રકારના છે.

પહેલો પ્રકાર કયો કે 'ऐन्द्रश्रीसुखमग्नेन' આત્માની લક્ષ્મીની ઓળખવાળો જીવ, આત્માની વિભૂતિને જાણનારો જીવ, સદા સત્, ચિત્ અને આનંદથી સભર છે આપણામાં આ બધું ભરેલું છે. જ્ઞાન પણ અંદર ભરેલું છે, આનંદ પણ અંદર ભરેલો છે, અને શાશ્વતતા એટલે eternity પણ અંદર ભરેલી છે.

કોઇ પૂછે કે તું કોણ? તારી ઓળખ તો આપ? તો એમ ન કહેશો કે મારી ઓળખ આ દેહ, ફલાણું નામ, ફલાણું ગામ, ફલાણું રહેઠાણ.

કોઈ એમ કહે કે ફલાણા ગામના અમે જૂનામાં જૂના રહેવાસી, અમારા બાપદાદા ત્યાં રહેતા હતા. પણ તું એ ગામમાં રહેતો જ નથી. તું તો ચાલ્યો જ આવ્યો છે. તારું વળી ગામ ક્યાં છે? આ તો એક વિસામો છે.

વિસામો એ ગામ નથી બની શકતું. આરામનું સ્થાન એ કદી ધ્યેય નથી બની શકતું અને મુકામ, જ્યાં રહેવું પડે એ મંજિલ નથી બની શકતું. માણસની મંજિલ તો આગળ છે માણસ એ મંજિલને ભૂલી ગયો છે.

કોઇ પ્રવાસી થાકીને ઊંઘી જાય છે. એ અર્ધનિંદ્રા કે તંદ્રામાં હોય ત્યારે પૂછો કે ક્યાં છો? તો કહે કે અહીં જ રહું છું. અહીં રહે તો પછી જવાનું છે એ ભૂલી જાય છે.

આપણને કોઇ પૂછે કે તું કોણ? તો આપણે એમ જ કહીએ કે સદા પ્રવાસી. ગામ અને ઠામ વગરનો. ઠામ અને ગામમાં અટવાઇ ગયો તો ભગવાન કહે છે કે સચ્ચિદાનંદ પૂર્ણ'ન'ની પૂર્ણ અવસ્થા વિસરાઇ જશે.

આ શ્લોકમાં કહ્યું કે તું સત્ છો. તને કોણ મારી શકે એમ છે? તું મરવાનો જ નથી. તમે ગુજરાતીમાં કહો છો: 'પાછો થયો.' પાછો થયો એટલે મરી નથી ગયો, જીવતો છે. આ જન્મ લીધો એના પહેલાં પણ હતો અને મરી ગયો તો પણ છે. તો મરી કોણ ગયો? આ દેહ મરી ગયો. ઘરડું કોણ થયું? દેહ થયો. જન્મ કોનો થયો? દેહનો થયો. યુવાન કોણ થયું.? દેહ થયું અને બળી કોણ ગયું? દેહ બળી ગયો. જન્મ, શૈશવ, યૌવન, વાર્ધક્ય અને મરણ–આ બધું શું છે? અવસ્થા છે. Four Stages આ ચાર અવસ્થાઓ છે. ચેતનની અવસ્થા છે જ નહિ. ચેતન તો અવસ્થા વગરનો છે. સ્વસ્થ છે.

એટલે જ મીરાએ ગાયું : "હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું." હું ક્યાં ઘરડો થયો છું? હું ક્યાં થાકી ગયો છું? હું તો આત્મા છું. હું તો ageless છું. જેને ઉંમર જ નથી; અવસ્થા જ નથી, કોઇ વર્ષો નથી. એ હંસ છે, આત્મા ઉંમર વગરનો છે. ઉંમર લાગે છે તે કોને લાગે છે? દેહને. ઉધેઇ જો લાગતી હોય તો લાકડાને લાગે છે. કાટ જો લાગતો હોય તો લોખંડને લાગે છે પણ અગ્નિને ઉધેઇ ન લાગે, સોનાને કાટ ન લાગે, એવી જ રીતે આત્માને કંઇ જ ન થાય.

આ દેહને બધું જ લાગે. આ જન્મે પણ ખરો અને મરે પણ ખરો. નાનકડો હોય ત્યારે રૂપાળો રૂપાળો હોય; યૌવનમાં આવે ત્યારે આકર્ષણનું એક કેન્દ્ર બની જાય; ઘરડો થાય ત્યારે એને બીજાની મદદ લેવી પડે; વૃદ્ધ થાય અને રોગના ઊભરા અંદરથી બહાર નીકળે, એ વખતે માણસને પરવશતાનો અનુભવ થાય અને મૃત્યુ થાય એટલે આ દેહ બળી જાય. આ બધી અવસ્થાઓ કોની થઇ? દેહની થઇ.

પણ જે આત્મા છે એ અવસ્થાહીન છે. એને કોઇ ઉંમર નડતી નથી. એને શૈશવે નથી, ઘડપણે નથી, મરણે નથી અને જન્મ પણ નથી. આત્મા અમર છે, શાશ્વત છે, અને જે શાશ્વત છે એ જ સત્ છે.

જ્યારે માણસ સત્નાં અસ્તિત્વના અનુભવમાં સત્તા કેન્દ્ર બને છે પછી ભલે શરીર ઉપર થઇને ઘડપણ પસાર થતું, દેહ ભલે જીર્ણ થતો; પણ એ અંદર બેઠો બેઠો મલકાય છે; કે હું તો એવો ને એવો જ છું. આ બધું ય બહાર થઇ રહ્યું છે, આત્મા જ્યારે સ્વસત્તામાં કેન્દ્ર બને છે, ત્યારે એને લાગે છે કે હું તો આ બધાની વચ્ચે કેન્દ્રમાં બેઠેલો છું. આ બધુંય આસપાસ બની રહેલું છે. આ દેહનું જ એક નાટક ચાલી રહ્યું છે.

એટલે જ ઉપાધ્યાયજીએ કહ્યું કે 'नाटकम् प्रति नाटकम्' જ્ઞાનદશામાં એને દરેક શેરીમાં નાટક લાગે છે. નાટકને જ જુએ અને નાટકને જોવા છતાં પોતે પ્રેક્ષક તરીકેનો અધિકાર ગુમાવે નહિ.

મારે એ જ કહેવાનું છે કે તમે પ્રેક્ષક રહો; પ્રેક્ષક તરીકેનો તમારો અધિકાર છે. તમે નટ ન બની જાઓ. પ્રેક્ષક જેટલો સુખી છે એટલો દુનિયામાં કોઇ સુખી નથી. એ રંગશાળામાં આવે છે, બેસે છે, જૂએ છે, સમય પૂરો થયો અને ચાલતો થાય છે, એને પડદા સંકેલવાના નહિ કે ગોઠવવાના નહિં, સામાન ઉઠાવવાનો નહિ કે મૂકાવવાનો નહિ. એ તો પ્રેક્ષક છે. તટસ્થતાથી જુએ છે.

આ અનુભવ જો કરી શકાય તો લડાલડી, ઝગડા–ઝગડીનો અંત આવે. આજે ઘરોમાં વૃદ્ધોને એટલી બધી આસક્તિ છે કે લોકો હેરાન થઇ ગયા છે, તેને બદલે તમે એવા બની જાવ કે તમને પૂછવા આવે ત્યારે જ તમે સલાહ આપો. અને કહો કે તમને તમારી જવાબદારીનો ખ્યાલ આપી દીધો છે. તમારી જવાબદારીને ધ્યાનમાં રાખીને જીવો, જવાબદારીને ધ્યાનમાં રાખીને નહિ જીવો તો અકાળે હેરાન થઈ જશો. આ તો દોરી ઉપર ચાલવાનું છે.

એટલી સમજણ આપીને આત્માને સ્વ તરફ વાળી લેવો જોઇએ. આ રીતે જો વાળે તો માણસ આ જગતમાં બહુ મઝાથી જીવી શકે. અને એમ રહેવા માટે પહેલો પ્રકાર બતાવ્યો કે તું કોણ છે? सच्चिदानंद पूर्णेन તું सत् चित् અને આનન્દ થી પૂર્ણ છો.

તું સત્ છો. તારી શાશ્વત સત્તામાં તું રહેવાનો છો. તું મરવાનો છે જ નહિ. આ જુઓ. જૈન ધર્મમાંથી મરવાની વાત જ નીકળી ગઇ. સાચો જૈન કોણ? જે મરવામાં માનતો નથી. જ્યારે ઘરમાં એક માણસનો વિયોગ થાય તો કહે 'પાછા થયા.' એટલે અમારું ઘર મૂકીને બીજે ઠેકાણે થઇ ગયા,

પાછા થયા. અહીંથી ગયા પણ ક્યાંક થયા. એટલે જૈનકુળમાં મરણ નહિ; શોક નહિ. કાળાં કપડાં નહિ. પ્રવચન સાંભળવાનું બંધ નહિ, અને ખૂણા પાળવાના પણ નહિ.

જેવી રીતે આવ્યો છે તેવી રીતે ગયો છે. 'કીધા વિના આવ્યા હતા અને કીધા વિના ગયા.' આ વાત જેટલી સમજાય એટલો માનવી શોક રહિત થાય.

અજ્ઞાની રોજ માથાં કૂટે, કકળાટ કરે પણ આમ કરવાથી જે ગયેલું છે એ થોડું જ પાછું આવવાનું છે? એવી મમતાની જડો ઊંડી શા માટે નાખવી કે જેથી જીવન એક યાત્રાને બદલે સંતાપ બને?

મેં એવાં કુટુંબો પણ જોયાં છે કે જેમાં મરતી વખતે કહે, "જુઓ, હું જાઉં છું" મારી પાછળ આંસુ પાડશો નહિ, બને તો પ્રાર્થના કરજો; મારી પાછળ રડશો નહિ, બને તો ધર્મ કરજો; મારી પાછળ ખૂણામાં ભરાઈને બેસશો નહિ, ને બને તો યાત્રાએ જજો." આમ વિદાયને યાત્રા માની જનારા માણસો પણ છે.

તમે દીકરાને બહારગામ મોકલો છો. કોઈ પૂછે તો કહો છો કે પાંચ વર્ષે આવશે. ઘરે આવીને શું કરો છો? એમ માનો છો ને કે બહારગામ બેઠો છે, ભણે છે. આમાં પણ એ જ સમજ કેળવવાની છે. બહારગામ ગયા છે. બીજે ક્યાંય ગયો નથી. જેવી રીતે સ્વજન England ગયો એ સમજ છે પણ દેહ છોડયો એ પરદેશ ગયો છે એવી સમજ આવી નથી. જ્ઞાનીને આ સમજ હોય છે. લોકો સમજે છે એના કરતાં જ્ઞાનીઓ જરાક આટલું વધારે સમજે છે.

આ જરાક વધારે સમજણ એ જ જાગૃતિ છે. આ વાત સમજાય તો મરણનો શોક કે કકળાટ જીવે જ કેમ?

આ સત્ છે. આત્મા રહેવાનો છે. આજે અહીં હતો. અહીંથી નીકળીને બીજે જવાનો છે. આપણે અહીં રહેવા માટે આવેલા હોઈએ એના પહેલાં આપણે ક્યાક રહેતા હોઈએ છીએ. કદાચ એક સ્થળ કે flat ન ફાવે તો બીજે જાઓ. એવી જ રીતે આ દેહમાંથી આત્મા નીકળી જાય છે અને બીજે નિવાસ કરે છે. કોઈ પૂછે 'ક્યાં ગયો?' કહેઃ 'ખબર નથી, અમને સરનામું ખબર નથી પણ ક્યાંક ગયો તો છે જ.'

જનાર માટે ત્યાં બધી ગોઠવણ થઈ ગઈ છે. કઈ ગોઠવણ? કર્મની. પુણ્યની અને પાપની. કર્મની ગોઠવણને લીધે આ દોડાદોડ છે.

મેં એવા માણસો જોયા છે કે તેમને કોઈ કહે કે આ છોકરો માંદો છે. એને દવાની જરૂર છે. તમે સો રૂપિયા આપશો? કહે, 'મારી શકિત નથી, પણ એનો એ જ માણસ ગદ્ધાવૈતરું કરી કરીને પાંચ લાખ રૂપિયા એના દીકરાને આપીને ચાલ્યો જાય! જતી વખતે સંતોષ માને કે મારા દીકરાને માટે મેં પાંચ લાખ રૂપિયા પાછળ મૂકયા છે!

આની પાછળ શાનું Connection છે? લેણદેણનું. એ ગયા જન્મનું લેવા માટે આવ્યો છે. એટલે તમે સત્કર્મ માટે ન વાપરો, આત્મા માટે ન વાપરો. પોતાને માટે ન વાપરો, નજર સામે તરફડતો માણસ હોય એને માટે ન વાપરો પણ દીકરા માટે મૂકીને જાઓ.

આ મમત્વની માયાએ માણસને કેવો ગૂંથી નાંખ્યો છે! એ માયાનો માર્યો પોતાના શ્રમના રૂપિયા મૂકીને જાય અને રાજી થાય કે હાશ! મારો દીકરો હવે સુખી થવાનો! પણ એને ખબર નથી કે સુખી થશે કે દુઃખી થશે.

માણસ જો ઊંડાણથી વિચાર કરે તો લાગે આ કર્મરાજાની વિચિત્ર ગૂંથણી છે. અને આ ગૂંથણીને લીધે જ આખો સંસાર વણસૂચવ્યો, વણનિર્દેશ્યો અને વણઆલેખ્યો ચાલ્યો જાય છે.

આ ગૂંથણીને જે લોકો સમજે છે એ લોકો કોઈ દહાડો ગૂંથાતા નથી; બંધાતા નથી. એ તો

એમ કહે છે કે મારે તો મારું આ એક કર્મ હતું. પૂરું થયું. હવે ફરી હું શું કરવા આ બધાની અંદર ગૂંથાઇ જાઉ?

આ જગતનાં બધાંય સંબંધોની પાછળ કર્મોનાં બંધનો પડેલાં છે.

દાનાન્તરાયનો ઉદય કેવો છે? તમને એમ નહિ થાય કે બિહારમાં અનાજ વિના ટળવળતાં માણુસો મરી જાય છે. લાવ, હું હજાર, બે હજાર રૂપિયા આપી દઉં. પણુ દીકરાને worldtour ઉપર જવું હોય તો ત્રીસ હજાર રૂપિયા આપી દો!

જ્ઞાની તો જાણે જ છે, કે હું તો એક પ્રવાસી છું. સત્ છું. આ તો એક અવસ્થા છે. જ્યાં આ અવસ્થાનું ભાન થઇ ગયું પછી તમે દુઃખી નહિ થાઓ, સ્વસ્થ રહેશો. કોઇ વિદાય થઈ જાય તો એમ નહિ માનો કે મરી ગયો, કહો કે જૂદો પડયો, પાછો થઇ ગયો. અહીંથી ગયો પણુ કયાંક થઇ ગયો.

બીજી વાત, તું ચિત્ છો. તું જ્ઞાનમય છો. તારી અંદર ખજાનો ભર્યો છે. જેમ જેમ આવરણો ઉઘડતાં જાય છે, તેમ તેમ અંદરનો પ્રકાશ આવતો જાય છે.

હીરો ખાણુમાં પડેલો હોય ત્યારે મેલો હોય, ઉપર જેમ જેમ પૉલિસ થતું જાય તેમ તેમ પાસા પડતાં જાય. અંદરથી કિરણો બહાર આવતાં જાય, પ્રકાશ આવતો જાય, અને હીરો ચકચકિત બનતો જાય છે. પણુ જ્યાં સુધી એનો કટ (cut) ન થાય. પોલિશ ન થાય, પાસા ન પડે, એના અંદરનો ભાગ બહાર ન આવે ત્યાં સુધી હીરાનું તેજ અંદરથી કેમ પ્રગટે?

આપણો આત્મા પણુ તેજથી ઝગમગતો છે. પ્રકાશથી ભરેલો છે. પણુ કોઇ પાસા પાડનારો મળ્યો નથી. કોઇ ઘસિયો મળ્યો નથી. એને ઘસી ઘસીને એના ઉપરનાં આવરણોને ખસેડયાં નથી, એટલા જ માટે ભગવાને કહ્યું કે જ્ઞાન લાવવું પડતું નથી, પણુ ઉઘાડવું પડે છે. એ બહારથી કોઇ આવતું નથી. અંદર જ છે. ઉપર ઢાંકણુ છે. એ ઉઘડી જાય તો પ્રકાશ અંદર જ છે.

આનંદ પણુ તમારી અંદર છે. તમે જો નિરૂપાધિ અવસ્થામાં હો, તમારા ઉપર કોઇ ઉપાધિનો ભાર ન હોય, તમારા ઉપર ચિંતાની સમડીઓ ચક્કર લગાવતી ન હોય તો તમે દરિયાના કિનારે બેસો અને પાણીના તરંગોમાંથી પણુ તમને આનંદના તરંગો દેખાય. વનની શ્રીમાં તમે બેઠેલા હો અને વનશ્રી આખી આનંદથી ભરેલી લાગે. કોઇ પર્વતની ટોચ ઉપર બેસો અને ત્યાં પણુ પરમાત્માનાં દર્શન થાય. કારણુ કે ચિંતાની સમડીઓએ ચક્કર લગાવવાનાં બંધ કર્યાં છે. પણુ જ્યાં સુધી એ ચક્કર લગાવે છે ત્યાં સુધી અંદરનો આનંદ પ્રાપ્ત નહિ થાય.

પછી તમે મંદિરમાં જાઓ પણુ તમારા મગજમાં બીજું જ કાંઇ ચાલતું હોય. ઘણા લોકો કહે કે ભગવાનમાં કાંઇ દેખાતું નથી. કયાંથી દેખાય? તને તારામાં દેખાતું નથી! તો ભગવાનમાં કયાંથી દેખાય? તને તારામાં દેખાય તો જ ભગવાનમાં દેખાય. પોતાનામાં પોતે દેખાવું જોઇએ. જો એ પોતે જ જોઇ શકતો નથી તો ભગવાનને કેવી રીતે જોઇ શકે?

કાઠિયાવાડનો એક પ્રસંગ યાદ આવે છે. એક બાપુ ઓટલા ઉપર બેઠેલા. અને અફીણુનો કસૂંબો પીધેલો હતો. ગુલાંટ ખાધીને બાપુ પડી ગયા. બાજુમાં બેઠેલા ખુશામતિયાઓ ઊભા થયા અને બાપુને ઊભા કરવા ગયા. ત્યા બાપુએ પૂછ્યું: 'કોણુ પડી ગયું?' પેલા ખુશામતિયાઓ વિચારે કે હવે શું કહેવું? એકે બાપુને કહ્યું: "આપ પડી ગયા." બાપુ ગર્જ્યા: "તો તમે શું કરતા હતા ત્યારે?"

એમ આ જીવને પોતાને જ ખબર નથી કે કયાં ચાલ્યો જાય છે. અને કહે છે કે ભગવાન મને જડતો નથી! જ્ઞાનીઓ કહે છે કે તું તને જડી જા. તું તને ઓળખી લે, પછી ભગવાનને મળતાં વાર નહિ લાગે.

એટલે જ આચારાંગ સૂત્રમાં કહ્યુંઃ एगे आया. एगं जाणे सव्वं जाणे. જો તું એકને જાણીશ તો સહુને જાણીશ.

તું તને નહીં જાણે તો તું કોઇને નહિ જાણે. પોતાને જાણવાથી જ પરમાત્માને જાણી શકાય છે.

આનંદનો અનુભવ કયારે થાય? ચિંતાની સમડીઓથી જીવ મુક્ત હોય ત્યારે, પછી તમે જ્યાં જશો ત્યાં ત્યાં આનંદ આનંદ દેખાશે.

**'सच्चिदानंद पूर्णेन'**

આ સત્ ચિત્ અને આનંદથી સભર છે. અમૃતથી છલકાતો આ કુંભ છે.

**'पूर्णं जगदवेक्षते'**

જે માણસ આવો પૂર્ણ છે એ જ આખા જગતને પૂર્ણ જુએ છે.

એ જગતમાં રહે છે પણ એની પાંખો એવી છે કે એ ઊડી શકે છે, ઊડી જાય છે. મજા પણ માણે છે, મધુરતા પણ માણે છે. પથ્થરની માખીને મીઠાશ ન હોય તો પણ સ્વતંત્રતા તો છે જ. ધારે ત્યારે ઊડી પણ શકે છે.

મધની માખીને મીઠાશ છે પણ સ્વતંત્રતા નથી. ધારે ત્યારે ઊડી શકતી નથી.

પણ જે જીવો લેંટની માખી જેવા છે એમના માટે સંસારમાં સુખ પણ નથી અને સ્વતંત્રતા પણ નથી. આસક્તિમાં પડ્યા છે, ચોટયા છે, પૂછો કે શું સુખ છે?

તો કહે જીવન પૂરું કરીએ છીએ. પૂરું કરવામાં જ જીવન પૂરું થઇ જાય છે.

આ ચાર કક્ષાઓ બતાવી, ચાર ભૂમિકાઓ બતાવી, માખીની તો માત્ર એક ઉપમા આપી છે.

પણ જીવના સ્વભાવનું આમાં દર્શન સમાયેલું છે, આ જીવનું દર્શન, એના સ્વભાવનુ દર્શન આપણને થવું જોઇએ, આ થાય પછી તમે ગમે ત્યાં રહો, ગમે ત્યાં બેસો, ગમે ત્યાં અનુભવ કરો, પણ તમને એમ થાય કે મારામાં એક આત્મા બેઠેલો છે. જે અવસ્થાવગરનો છે, જેને ઉંમર નથી, જેને ગામ નથી, કોઇ ઠેકાણું નથી.

અનંતકાળથી ચાલતો આવ્યો છે અને એનો પ્રવાસ અંતે મોક્ષમાં પૂરો થવાનો છે.

જ્યાં સુધી એ મોક્ષમાં બિરાજમાન ન થાય ત્યાં સુધી જ્યાં જ્યાં દેહ લેવો પડે, જ્યાં જ્યાં જન્મ લેવો પડે, જ્યાં જ્યાં શરીર ધારણ કરવું પડે ત્યાં એ કર્મને લીધે કરે છે એમ જાણવું.

આપણામાં આ સ્વરૂપની જાગૃતિ જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ આપણો આત્મા સુખમાં, આનંદમાં અને શાંતિમાં સમૃદ્ધ બનતો જાય છે. પછી એને સંસારનાં દુઃખો નડતાં નથી. એને આઘાતો આવે છે પણ જેવી રીતે પાણીમાં પથ્થર પડે, ઘા દેખાય અને થોડીક ક્ષણમાં પાછો મટી જાય છે, એવી એની અવસ્થા હોય. એ સમજે છે, જે જે કર્મ બાંધ્યાં છે, પછી તે પૂર્વજન્મનાં હોય કે આ જન્મનાં હોય—એ કર્મને આધીન આ બધા બનાવો બનવાના જ

તમે પણ જો આ સ્વભાવ દશાનો, આત્મદશાનો, આત્મશ્રીનો અનુભવ કરી શકો તો સંસારના બધા જ બનાવોમાં જેમ પાણીમાં પથ્થર પડે, ખાડો પડે અને તરત પૂરાઇ જાય, એવી સહજ અવસ્થાના ભાવને માણી શકો.

મંગળ પ્રવચનના વિરામની પળોમાં એ જ ઇચ્છું કે આપ સૌ ચૈતન્યની આ ઐન્દ્રશ્રીની અનુભૂતિના દિવ્યસ્પર્શે સદ્ ચિદ્ અને આનન્દના પૂર્ણયોગમાં મુક્તિના પરમ સુખનો આસ્વાદ કરો.

---

**એપ્રીલમાં આપનું લવાજમ પૂરું થાય છે. નવા વર્ષનું આપનું લવાજમ હજુ ન ભર્યું હોય તો તુરત ભરાવવાની વ્યવસ્થા કરશોજી.**

—વ્યવસ્થાપક

# ✽ માનસિક નીરોગિતા ✽

શારીરિક સૌંદર્યની દૃષ્ટિથી આરોગ્ય એ જેમ મુખ્ય બાબત છે તેમ માનવતાની દૃષ્ટિથી માનસિક નીરોગિતા એ મહત્ત્વની બાબત હોવાથી તેને જ પ્રાધાન્ય આપવું યોગ્ય છે. કેવળ શારીરિક વજન કે હૃષ્ટપુષ્ટતા પર જેમ શારીરિક આરોગ્યનો આધાર નથી તેમ ધન, સત્તા, વિદ્યા, કળા કે પ્રતિષ્ઠા પર માનસિક આરોગ્યનો આધાર નથી. બાળક બીજાઓના પ્રમાણમાં નાનું હોય, તેની શકિત બીજાઓના પ્રમાણમાં ઓછી હોય તોયે તે નીરોગી હોય છે. અને બીજાઓમાં શકિત હોય છતાં તેઓ નીરોગી ન હોય એવો સંભવ છે. તે પ્રમાણે જેઓ માનસિક નીરોગી હોય તેમની પાસે ધન, વિદ્વત્તા, બળ, પ્રતિષ્ઠા જેવી કોઇ વિશેષતા ન હોય તોયે તેમનું મન નિર્મળ હશે. નિર્મળ મનમાં વાસ કરનારી દયા, ક્ષમા અને શાંતિ તેમની પાસે હશે; એટલે એકંદરે તેમનામાં માનવતા હશે અને ધન વગેરે હોય તેમની પાસે માનસિક નીરોગિતા ન પણ હોય. આપણને સંકલ્પશકિત આપી છે એ તેની આપણા પર કૃપા છે. તેને લીધે આપણે પોતા માટે કેટલાયે મહાન સંકલ્પ કરીને તે પાર પાડી શકીએ મહાન ઇચ્છા હોય તો આપણે ધનવાન, સામર્થ્યવાન, વિદ્વાન, કળાવંત અને વિજ્ઞાનસંપન્ન થઇ શકીએ. અને ઇચ્છીએ તો આપણે સજ્જન થઇને માનવતા સિદ્ધ કરી શકીએ. આ પ્રકારની શક્તિ પરમાત્માએ આપણને આપેલી છે. તે આપણા દરેકમાં સુપ્તપણે વાસ કરે છે. દૃઢ સંકલ્પથી તે શક્તિને આપણે જાગ્રત કરવી પડે છે. સંકલ્પથી અને તે પ્રકારના દૃઢ પ્રયત્નથી માણસ પોતાને જોઇએ તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. ધનની પાછળ લાગેલા અઠળક ધન પ્રાપ્ત કરી શકે છે. વિદ્યાની પાછળ લાગેલા વિદ્વાન થાય છે. બળના ઉપાસક બળવાન થઇ શકે છે. તે પ્રમાણે માનવતા પ્રાપ્ત કરવાની ઇચ્છા કરનારાઓ પણ પોતાના પ્રયત્નમાં સફળ થાય છે. સંકલ્પ પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થની જરૂર છે. કોઇપણ સિદ્ધિ પુરુષાર્થ વગર પ્રાપ્ત થઇ શકતી નથી. શાસ્ત્રોમાં દૈવી અને આસુરી સંપત્તિનાં લક્ષણો કહ્યાં છે. તેવી આસુરી સંપત્તિ પ્રાપ્ત કરવા માટે પણ પુરુષાર્થની જરૂર છે. માનવતા કેવળ પુરુષાર્થ પર અવલંબેલી નથી. તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થની સાથે જ માનસિક નીરોગિતા એટલે પવિત્રતાની જરૂર છે. તેથી માનવતાની દૃષ્ટિએ માનસિક નીરોગિતા એ મહત્ત્વની બાબત છે. તેની પ્રાપ્તિ માટે જીવન વિષેના આપણા સંકલ્પમાં પવિત્રતા હોવી અત્યંત જરૂરી છે.

મનુષ્યસ્વભાવ કુદરતથી કહો કે પરંપરાને લીધે કહો, સહેજે ભોગાસક્ત હોવાથી તેની ચિત્તવૃત્તિનો પ્રવાહ તે પ્રમાણે ચાલતો હોય છે. મનના સંકલ્પ તે દિશામાં ચાલતા હોય છે. તેથી ધન, વિદ્યા અને કળા તરફ સ્વાભાવિક રીતે તેનું ચિત્ત આકર્ષાય છે. તેમની પ્રાપ્તિથી સુખી થવાનો તેનો હંમેશ પ્રયત્ન હોય છે. તે બાજુના પ્રયત્નમાં સિદ્ધિની દૃષ્ટિથી તેને કદી અશકયતા જણાતી નથી. હાલ વિજ્ઞાનની વૃદ્ધિ પણ આજ કારણને લઇને થાય છે. મનુષ્યની તે દિશા તરફ સહજ પ્રવૃત્તિ છે એ તેનું મૂળ કારણ છે. તે પ્રયત્નમાં આજે તે અસાધારણ પુરુષાર્થ કરે છે. માનસિક ઉન્નતિના હેતુથી મનુષ્ય હજુ એટલો પ્રયત્નશીલ થયો નથી. તે બાજુ તેનો પુરુષાર્થ વધ્યો નથી. એટલે માનસિક ઉન્નતિની વાત તેને અશકય લાગે છે. પરંતુ મનુષ્ય પોતાની સંકલ્પશકિતનો ઉપયોગ તે દિશાએ કરતો રહે અને યોગ્ય માર્ગે પ્રયત્નશીલ રહે તો પોતાનું માનસિક આરોગ્ય સાધીને માનવતામાં ઉન્નત થઇ શકે. પોતાની સુપ્ત શકિતને તેણે તે હેતુથી જાગ્રત કરવી જોઇએ. પોતાની ભોગાસક્ત વૃત્તિને ઓળખીને તેણે પહેલેથી સાવધપણે પવિત્ર અને ઉચ્ચ સંકલ્પ ધારણ કરવો જોઇએ. દૃઢ નિશ્ચય, સંયમ અને

પવિત્રતા પર શ્રદ્ધા, સત્ય અને સદ્‌ગુણો પર નિષ્ઠા, પરમાત્મા અને માનવતા પર વિશ્વાસ એ બધાંને લીધે પોતાના સંકલ્પમાં બળ લાવવું જોઇએ. આવા સતત પ્રયત્નથી તેની સંકલ્પશક્તિ વધતી જઇને તેનું સત્કર્મરૂપે પ્રગટીકરણ થતું રહેશે અને તે પ્રગટીકરણ તેના પોતાના અને બીજાઓના જીવનમાં સુખ અને શાંતિ પેદા કરશે. માનવી જીવન આ સિદ્ધિ માટે છે. આના કરતાં કોઇ પણ સિદ્ધિ ઓછા મહત્ત્વની છે. આ માટે જ માનસિક નીરોગિતાની જરૂર છે.

શરીરની બાજુથી શારીરિક આરોગ્ય જરૂરનું છે તે પ્રમાણે માનવતાની દૃષ્ટિથી માનસિક નીરોગિતા જરૂરી છે. તે નીરોગિતા ન હોય તો ધન, વિદ્યા અને સામર્થ્ય જેવી બીજી કોઇ પણ વિશિષ્ટતા મનુષ્યનું કે માનવજાતિનું કલ્યાણ કરી શકતી નથી. આવી નીરોગિતા સિવાય બીજી કોઈ પણ વિશિષ્ટતાનો સદુપયોગ થઈ શકતો નથી જે વિશિષ્ટતા માનવતાનો હ્રાસ કરે છે તેનાથી માનવજાતિનું કલ્યાણ થવું શકય નથી; તેથી માનવતાનો વિકાસ કરનાર વિશિષ્ટાને આપણે મહત્ત્વ આપવું જોઇએ. તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહી પુરુષાર્થી બનવું જોઇએ. આ બધી બાબતો સિદ્ધ કરવા આપણે પહેલેથી જ જીવન વિષયક ઉચ્ચ આદર્શ ધારણ કરવો જોઇએ. આસુરી સંપત્તિને માર્ગે ન જતાં સજ્જનતાના માનવતાના માર્ગે જવાનો આપણો નિશ્ચય હોવો જોઇએ. પોતાની આદર્શ કલ્પનાનો વ્યવસ્થિત નકશો આપણા ચિત્તમાં હંમેશ રહેવો જોઇએ. ઘર બાંધવાનું નક્કી થયા પછી તેનું કલ્પનાચિત્ર આપણા ચિત્તમાં પ્રથમ તૈયાર થાય છે અને ત્યાર પછી તે જાતનો નકશો કાગળ પર તૈયાર કરવામાં આવે છે. ઘર પૂરું થાય ત્યાં સુધીના તે વિષયના વધતા જતા જ્ઞાનથી મૂળ કલ્પનામાં ઇષ્ટ એવો ફેરફારથ તો જાય છે. પહેલાંના નકશામાં ફરક પણ પડે છે, અને છેવટે ઉત્તમ પ્રકારનું સગવડવાળું ઘર તૈયાર થાય છે. ચિત્ર કાઢનાર ચિત્રકાર અને મૂર્તિ ઘડનાર શિલ્પકારને પણ પોતાના ચિત્તમાં પોતપોતાના સાધ્યનું કલ્પનાચિત્ર બનાવવું પડે છે; એટલું જ નહીં પણ ધનની પાછળ લાગી ધનપતિ થવાની ઈચ્છા રાખનાર, બળની ઉપાસના કરી બળવાન થવાનો પ્રયત્ન કરનાર અથવા કોઇ પણ વિશિષ્ટતા પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર એ પૈકી દરેકને પોતપોતાનાં ઇષ્ટ અને વિશિષ્ટતાનું ચિંતન કરવું પડે છે. તે ચિંતનમાં જ તે તે ઇષ્ટ અને વિશિષ્ટતાનો નકશો તેના ચિત્તમાં તૈયાર થાય છે. પોતપોતાના આદર્શ પ્રમાણે દરેક જણ પ્રયત્નશીલ રહી તેમાં યશસ્વી થાય છે માનવતાનો આદર્શ જેણે દૃઢ કર્યો હોય છે તેને પણ તે પ્રમાણે હંમેશાં ચિંતનશીલ અને પ્રયત્નશીલ રહેવું પડે છે. અને તે પ્રમાણે રહીને તે તેમાં છેવટે યશસ્વી થાય છે.

આ રીતે આ માર્ગમાં યશસ્વી થવા માટે આપણને માનસિક નીરોગિતાની ઘણી જરૂર છે, મનની નિર્મળતા અને સદ્‌ગુણયુક્ત પુરુષાર્થ એ નીરોગિતાનાં લક્ષણ છે. આ નીરોગી અવસ્થામા જ માનસિક પાવિત્ર્ય વધતું જાય છે. જીવનના બધા વ્યવહારોમાં શુદ્ધિ આવે છે. આ અવસ્થામાં જ માણસમાં પ્રાણીમાત્ર વિષે પ્રેમ, નિઃસ્વાર્થતા, ક્ષમા અને શાંતિ રહી શકે છે. આ અવસ્થામાં જ માણસ નિરહંકારી રહી શકે છે. કરુણા તેનો સહજસ્વભાવ થાય છે. નિર્વૈરતા આ અવસ્થામાં જ સધાય છે. પોતાનું અને માનવજાતિનું કલ્યાણ કરવાનું સામર્થ્ય આ અવસ્થામાં જ તેને પ્રાપ્ત થાય છે. એકંદરે માનવધર્મ પ્રમાણે તે ત્યારે જ વર્તી શકે છે. પ્રયત્ન કરવાથી પોતાની ઇચ્છા પ્રમાણે, સંકલ્પ પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત કરવાની જે શક્તિ આપણને મળી છે, તેનો ઉપયોગ માણસે આ અવસ્થા માટે કરવો યોગ્ય છે. આ ભેટનો ઉપયોગ મનસિક નીરોગિતા સાધીને માનવતાની સિદ્ધિ માટે જ કરવો જોઇએ.

—શ્રી કેદારનાથજી

## ● સમાચાર સાર ●

પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુ મહારાજશ્રી તથા મુનિશ્રી બલભદ્રસાગરજી કોટથી પોષ વદ ૧૩ ના વિહાર કરી પરાઓ પ્રતિ પધાર્યા. આ વિહાર જ્ઞાનની એક સ્મરણયાત્રા જેવો બન્યો હતો. દરેક પરાઓમાં માનવમેદની ઊભરાતી અને એમના જ્ઞાનનો અપૂર્વ લાભ લેતી. માટુંગા સંઘના આગ્રહથી ત્યાં ત્રણ પ્રવચનો આપ્યાં, જેમાં સાધન, સાધક અને સાધ્યની ઊંડાણભરી મીમાંસા કરવામાં આવી અને શ્રોતાઓને એક નવદૃષ્ટિ પ્રાપ્ત થઇ. ત્યાંથી ઘાટકોપરમાં તા. ૧૨–૨–૬૭ ના રોજ જવાન નગરમાં "આધ્યાત્મિક મૂલ્યો" એ વિષય પર આપવામાં આવેલ. પ્રવચનમાં આત્મિક શકિતની અનન્તતાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તે પછી નવરોજી લેનમાં "ભવનું ભાતુ" એ વિષય પર પ્રવચન આપી પૂજ્યશ્રી મુલુન્ડ પધાર્યા હતા. સૌ ચાતકની જેમ વાણીને ઝંખી રહ્યા હતા. ત્યાં તા. ૧૯–૨–૬૭ ના રવિવારે દૃષ્ટિ અને દર્શન આ વિષય પર પ્રકાશ પાથર્યો હતો. પ્રવચનનો લાભ લેવા મુંબઇથી પધારેલ સાધર્મિક ભાઇબહેનોની ભક્તિનો લાભ શેઠશ્રી હરગોવિંદદાસ રામજીએ લીધો હતો. આ ઉપરાંત પ્રજાની માંગણીથી રાત્રે ૯ થી ૧૦ ઉપાશ્રયના કંપાઉન્ડમાં એક પ્રવચન આપ્યું હતું. બીજે દિવસે ભાડૂંપમાં પ્રવચન આપી પૂજ્યશ્રી પવઇ "સૌરભ"માં પધાર્યા હતા. એ પછી કુર્લા ભારત વિજય વેલવટના ડાયરેકટરોના આગ્રહથી તા. ૨૬–૨–૬૭ ના રોજ એમના વિશાળ હૉલમાં જીવનમાં સુવાસ" એ વિષય પર પ્રવચન આપ્યું. આ પ્રવચનમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે ફૂલની જેમ માણસના જીવનમાં પણ સુકાર્યોની સુવાસ હોવી ઘટે. બહારથી પધારેલ સર્વ ભાઇ બહેનોનું સ્વાગત શ્રી નગીનદાસ જીવરાજભાઇએ કર્યું હતું. અને મોદકની પ્રભાવના કરી હતી. ત્યાં શ્રી નરેન વી. મીઠાણી ઘાટકોપરથી વિનંતિ કરવા આવ્યા હતા. પૂજ્યશ્રી ત્યાં પધારતાં એમણે પૂજા પ્રભાવના કરી સાધર્મિકોની ભક્તિ કરી હતી. શેઠશ્રી મનસુખલાલ પ્રેમજી તથા શ્રીમતી ચંદનબેન મનસુખલાલનો ભાવોલ્લાસ થતાં તેમની ભાવનાને માન આપી પૂજ્યશ્રીએ એમના "કૌસ્તુભ"ના ચોગાનમાં બાંધવામાં આવેલ ભવ્ય મંડપમાં પ્રવચન આપ્યું હતું. ચાલુ દિવસ હોવા છતાં આવો વિશાળ મંડપ પણ સ્ત્રીપુરુષોથી ચીકાર થઇ ગયો હતો. પ્રવચનને અંતે એમણે શ્રીફળ અને સાંટાં એમ બે બે પ્રભાવના કરી હતી. ઘાટકોપરની જનતાને ત્રણ દિવસ લાભ આપી. પૂજ્યશ્રી શાન્તાક્રુઝ પધાર્યા. ત્યાં એક પ્રવચન આપી દાદર શ્રી શાન્તિનાથજીના ઉપાશ્રયે પધાર્યા ત્યાં રવિવારે પ્રવચન આપતાં પૂજ્યશ્રી કહ્યુંઃ સમજીને સરકવું તે સંસાર, જાણીને જીવવું તે જીવન, અને મૂર્છાથી મુક્ત થવું તે મોક્ષ–આ ત્રણ વાત પર આપેલ મનનીય પ્રવચન શ્રોતાઓએ ચિન્તનનું ભાતું પૂરું પાડયું હતું. ત્યાંથી શ્રી નમિનાથના ઉપાશ્રય પાયધુની પધાર્યા ત્યાં "જીવનની ધન્યતા" આ વિષય પર ચાર પ્રવચન આપ્યાં. આ વિભાગમાં પૂજ્યશ્રી મહિનાઓ પછી પધાર્યા હોવાથી ઉપાશ્રયનો વિશાળ ખંડ પણ નાનો પડતાં ઉપર નીચે બંને માળ પર લાઊડ સ્પીકરની વ્યવસ્થા વ્યવસ્થાપકોએ કરી હતી. પરાઓનો ખૂબ આગ્રહ હોવા છતાં ભગવાન મહાવીરનું જન્મકલ્યાણ નજીક આવતું હોવાથી લોકોને માર્ગદર્શન ને પ્રેરણા આપવા માટે કોટના સંઘના કાર્યકરોનો આગ્રહ થતાં પૂજ્યશ્રી ફાગણ સુદ ૧ ના રવિવારે કોટના ઉપાશ્રયે પધાર્યા હતા.

આ વખતે ચૈત્ર શુદ ૧૩ તા. ૨૨–૪–૬૭ના શનિવારે છે. અને બીજે દિવસે રવિવાર છે. આ રવિવાર "પ્રાણી મૈત્રી દિન" તરીકે આખા દેશમાં ઊજવાય તેવી પૂજ્યશ્રીની ભાવના છે. અને તે બંને દિવસ સાંજે ૬ વાગે ચોપાટીના સાગરતટે વિરાટ સભા યોજાશે. દેશભરમાંથી વિદ્વાનો અને વિચારકો આવશે અને પ્રભુના જીવન અને કવન વિશે અભ્યાસપૂર્ણ પ્રકાશ પાથરશે. પ્રાણી માત્રને

ઉપયોગી એવો પ્રભુનો અહિંસાનો સંદેશ માત્ર ચાર દીવાલોમાં પૂરી એને સંકુચિત બનાવી દેવામાં આવ્યો. એના પરિણામ રૂપે હિંસા વધતી જ ગઇ, હવે એ સમય આવ્યો છે કે વધતી અહિંસાને ડામવી જ રહી. અને તેને અટકાવવાનો એક જ ઉપાય છે કે ભગવાન મહાવીરની અહિંસાનો જગતના લોકોને ખ્યાલ આપવો. હિંસકોને પ્રતિ. બોધ્યા વિના હિંસા નહિ જ અટકે. આ અહિંસાનો પ્રચાર કરવો હોય તો પ્રભુ મહાવીરનો જન્મદિન એ એક ન ચૂકવા જેવો અપૂર્વ અવસર છે. આપણે એવું સ્વપ્ન કેમ સેવતા નથી કે દુનિયાને ખૂણે ખૂણે પ્રભુનો સંદેશો પહોંચે, અને હિંસા અટકે? અને આ અહિંસાના સંદેશાને જગતમાં પહોંચાડવામાં આપણે આજ સુધીમાં સક્રિય શું કર્યું તેનું આલોચન કરવાનો આ સમય નથી?

—તંત્રી.

## જીવનના સંધ્યાટાણે

આ ચિત્રકાર, જોનારના દિલનેય રંગ લાગી જાય એવા નાજુક રંગોથી તેં વિશ્વને આલેખ્યું, પણ તારા દિલનું દીવાનખાનું તો શૂન્ય જેવું લાગે છે. હા, તારા હૃદયખંડને અલંકૃત કરવા તેં એક કાવ્યમય ચિત્ર રાખ્યું હતું ખરું, પણ આજ તો તેય ઝાંખું થવા આવ્યું છે. આ સંધ્યા નમે તે પહેલાં, તારા પ્રાણમાં ઘૂંટાયેલા ભાવનાના રંગની એક પીંછી તું એના પર ન ફેરવી શકે? જેથી રજનીમાં, સુવાસિત તેલના દીપકોના પ્રકાશમાં એ ફરી ઝળહળી ઊઠે!

## સત્યનું પાત્ર

સત્ય સૌને ગમે છે, પણ એને કટુતાના પાત્રમાં પીરસશું તો એને કોઈ નહિ ઝીલે. તમારે જો સત્ય જ પીરસવું હોય તો પ્રિયતાના પાત્રમાં પીરસો. એથી સત્યનો મહિમા ઘટશે નહિ, પણ વધશે.

## ચારિત્રની કેળવણી

જ્યારે વિદ્યાર્થીઓને એમ લાગશે કે ચારિત્ર એ અમારું જીવન છે, આશા એ અમારો પ્રાણ છે, જીવનની શુદ્ધતા એ અમારું સર્વસ્વ છે–ત્યારે લોકો એમની કેળવણીને વખાણશે, ત્યારે એ પ્રશંસાને પાત્ર બનશે.

## ઊનાં આંસુ

આજે જે હસતાં હસતાં પાપો કરી રહ્યાં છે, એ પાપો પછી રોતાં પણ નહિ છૂટે. જે કૂવામાંથી માણસો એ તુચ્છ આનંદનું પાણી ઉલેચી રહ્યાં છે, એ કૂવો તો અંતે ઊનાં આંસુથી ભરવો પડશે.

## વૃક્ષની સજ્જનતા

વૃક્ષમાં કેવી સજ્જનતા છે? એને કુહાડાથી કાપનારને એ છાયા આપે છે, ઘા કરનારને એ ફળ આપે છે, અપકારી ઉપર એ ઉપકાર કરે છે; ત્યારે માનવી શું આ વૃક્ષથીયે બેદ? માનવીમાં આવો કોઇ ઉપકારધર્મ નહિ?

**પૂ. ચિત્રભાનુ કૃત**– મધુસંચય'માંથી.

## "દિવ્ય દીપ"ની માલિકી અને તેને અંગેની અન્ય માહિતી (ફોર્મ IV (નિયમ ૮ મુજબ)

૧. પ્રકાશન સ્થળ : લેન્ટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, કોટ, મુંબઇ ૧.

૨. પ્રકાશનની સામયિકતા : માસિક

૩. પ્રકાશક અને સંપાદકનું નામ : ચંદુલાલ ટી. શાહ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : લેન્ટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, કોટ, મુંબઇ ૧.

૪. મુદ્રક સરનામું : મહેશચંદ્ર પ્રિન્ટર્સ, ભૂલેશ્વર, મુંબઇ ૨.
રાષ્ટ્રીયતા : ભારતીય

૫. મુદ્રણ સ્થળ : ભૂલેશ્વર મુંબઇ ૨.

૬. માલિકનું નામ : ડીવાઇન નૉલેજ સોસાયટી
સરનામું : ૧૩૭, નેતાજી સુભાષ રોડ, મુંબઇ ૧.

હું ચંદુલાલ ટી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો, મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન ખરી છે.

સહી

તા. ૨૦-૩-૬૭ **ચંદુલાલ ટી. શાહ**

જગતમાં જે કાંઇ થઇ રહ્યું છે તે સર્વ કાંઇ વિચારોનું જ પરિણામ છે, વિચારો
એ જ કર્મક્રિયા છે, શુદ્ધ અને અશુદ્ધ વિચારો મુજબનું પ્રારબ્ધ રચાતું જ રહે છે.

**Thought for the month**

Truth is to be known always,
but
to be uttered only sometimes.


# Writing is a pleasure
***WITH***
# LION PENCILS
**95, Parijat, Marine Drive, BOMBAY - 2.**


જેનાથી રાગ અને દ્વેષ, ઇચ્છાઓ અને આસક્તિ ઓછા થતાં રહે તે સાચી
ધર્મક્રિયા છે, તે સાચી સાધના છે, અને તે જ સાચી જ્ઞાન ભક્તિ છે.


**Tel. No. : 327359** **Gram : CHHINDCORP 'MT'**

**WITH BEST COMPLIMENTS FROM :**

# M/S. CHHEDA INDUSTRIAL CORPORATION

**255, Vinod Kunj, Wadala, Bombay - 31.**

***Dealers in :***

**BALING HOOPS, RIVETS, HESSIAN CLOTH, WATERPROOF PACKING PAPER, TWIBE, HATCH TENTS, CANVAS, PACKING WOOD.**

**TARPAULINS ON HIRE & SALE.**

***Suppliers to Government and Semi-Government Depts, Railways, Shipping Companies, Textile Mills, etc.***

## પનઘટની પ્રેરણા

યાદવ રાજા મહાદેવના સભાપંડિત અને 'મુગ્ધબોધ' નામના સરળ સંસ્કૃત વ્યાકરણની રચના કરનારા પંડિત બોધદેવ એક જમાનામાં તો ઠોઠ વિદ્યાર્થી હતા. ઘણું વાંચતા પણ કાંઇ યાદ રહેતું નહિ. ગોખતા પણ ભૂલી જતા. ઘણા પ્રયત્ન કરતા પણ વ્યાકરણના નિયમો તો મગજમાં નહોતા ઠસતા તે નહોતા જ ઠસતા.

આખરે બોધદેવ કંટાળ્યા, મનમાં અપાર નિરાશા થઇ. મહેનત ઘણી હોવા છતાં પરિણામે કશું નીપજતું ન હતું એટલે ઉત્સાહ ઓગળ્યા વિના ન રહ્યો. છેવટે તેમણે ગુરુનો આશ્રમ છોડયો.

થોડેક દૂર ગયા હશે ને એક કૂવો આવ્યો. ત્યાં પનિહારીઓ પાણી ભરી રહી હતી. કૂવા ઉપર ચારે બાજુએ જે પથ્થરો મૂકેલા હતા. તેની ઉપર દોરડાં ઘસાવાથી ઘીસીઓ પડી ગઇ હતી. અને બાજુમાં ઘડા મૂકવાથી પથ્થરમાં પણ ખામણાં પડી ગયાં હતાં. બોધદેવે આ જોયું અને તેમના ચિંતનની દિશા બદલાઇ. તેમને થયું: નથી દોરડું કઠોર કે નથી માટીના ઘડા કઠોર; છતાં પણ કોમળ ચીજો સાથેના સતત ઘર્ષણથી કઠોર પણ ઘસાયા વિના રહ્યાં નથી. તેમાં ઘીસીઓ અને ખાડા પડી ગયા છે. તો પછી હું માણસ છું, મારી પાસે બુદ્ધિ છે અને શ્રમ છે તો શું હું સફળ ન થઇ શકું? સતત મહેનત કરું અને જરાય નિરાશ ન થાઉં તો શું હું વિદ્યા પ્રાપ્ત ન કરી શકું? સાચી નિષ્ઠા રાખીને અવિરત અભ્યાસ કર્યા જ કરું તો શું હું વ્યાકરણનો વિદ્વાન ન બની શકું? મહેનત અને ધીરજ, શ્રદ્ધા અને લગની શું મને મારા કાર્યમાં સફળતા નહિ અપાવે? એક જ લક્ષ્ય પાછળ તમામ શકિતઓ કામે લગાડી દઉં તો શું આ ઠોઠપણાનું કલંક ન ધોઇ શકું?

પનઘટની આ પ્રેરણાએ તેમને પાછા વાળ્યા, અભ્યાસમાં પરોવ્યા અને પંડિત બનાવ્યા. લગની શું નથી કરી શકતી?

અંતર્યામી

---

## કારભાર અને કરભાર

કોઈપણ શાસકે પૃથ્વીના પિતાની જેમ વર્તવાનું છે. પતિની જેમ તો હરગીઝ નહિ. એ પૃથ્વીનો પાલક બનજો, ભોકતા તો નહિ જ નહિ

રાજ્યની સુવ્યવસ્થા માટે શાસક કાં તો દોહનનો રસ્તો લે છે. કાં તો શોષણનો લે છે.

પ્રજાની કર આપવાની શકિત વધારીને અગર તો માપીને કર નાખવો એનું નામ દોહન.

અને, પ્રજાની શક્તિ માપ્યા વિના જ એ ત્રાસી જાય એ રીતે આંખ મીંચીને કર નાંખવા એનું નામ શોષણ.

જે દોહન કરે છે, તે જ પ્રજા પર પ્રેમ-વિજય પામે છે ને, શોષણ કરનાર પ્રજા હૃદયમાંથી કાયમ માટે ફેંકાઇ જાય છે.

જેનો કારભાર વ્યવસ્થિત હોય અને કરભાર વધારવા નથી જ પડતા. કારભારમાં અવ્યવસ્થિત બનનાર સરકારને જ કરભાર વધારવા પડે છે.

શ્રી કૃષ્ણશંકર

---

અદેખી વ્યક્તિ પાસે રહેવું તે જવાળામુખી પાસે રહેવા જેવું છે. પરંતુ જવાળામુખીતો વિનાશ ફેલાવ્યા છતાં ધરતીને ફળદ્રુપ બનાવી ને લાભ પણ આપે છે. અદેખી વ્યકિત તો માત્ર હાનિ જ પહોંચાડે છે.

---

મુદ્રક, પ્રકાશન અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેશચંદ્ર પ્રિન્ટર્સ મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંડીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.